## મહાન દાર્શનિક, સમર્થ વ્યાખ્યાકાર અને 'ઉપમિતિભવપ્રપંચકથા' જેવા મહાન ગ્રંથના સર્જક

# આચાર્યશ્રી સિદ્ધર્ષિસૂરિજી મહારાજ

પ્રભાવક જૈનાચાર્યોની પરંપરામાં શ્રી સિદ્ધર્ષિસૂરિ પ્રકાંડ વિદ્વાન, મહાન દાર્શનિક, સમર્થ વ્યાખ્યાકાર અને મેધાવી આચાર્ય હતા. સંસ્કૃત ભાષા પણ તેમનું અદ્ભુત પ્રભુત્વ હતું. તેમણે રચેલ 'ઉપમિતિભવપ્રપંચ' કથા જૈન સાહિત્યનો ઉત્તમ ગ્રંથ છે.

પ્રભાવક ચરિત્ર પ્રમાણે આચાર્ય સિદ્ધર્ષિ શ્રી વજ્રસેનસૂરિના નાગેન્દ્ર, નિવૃત્તિ, ચન્દ્ર અને વિદ્યાધર – એ ચાર મુખ્ય શિષ્યોમાં શિષ્ય નિવૃત્તિસૂરિના નામથી પ્રવર્તેલ નિવૃત્તિગચ્છમાં થયેલા શ્રી સૂરાચાર્યના શિષ્ય 'કર્મ-વિપાક–વિચાર' અને જ્યોતિષશાસ્ત્રના પ્રખર વિદ્વાન આચાર્ય ગર્ગર્ષિના પ્રશિષ્ય શ્રી દુર્ગસ્વામીના શિષ્ય હતા. આચાર્યશ્રી ગર્ગર્ષિના વરદ હસ્તે તેમણે દીક્ષા અંગીકાર કરી હતી. 'ઉપમિતિભવપ્રપંચકથા'ની પ્રશસ્તિમાં સિદ્ધર્ષિએ ધર્મબોધદાયક ગુરુના રૂપમાં યાકિની મહત્તરાસૂનું શ્રી હરિભદ્રસૂરિનું સ્મરણ કર્યું છે. તેમણે પોતાની ગુરુપરંપરામાં લાટ દેશના આભૂષણરૂપ સૂરાચાર્યનો સર્વપ્રથમ ઉલ્લેખ કર્યો છે અને તેમને નિવૃત્તિકુળના બતાવ્યા છે. સૂરાચાર્ય પછી દેલ્લમહત્તરાચાર્યનો ઉલ્લેખ છે, જે જ્યોતિષશાસ્ત્રના અને નિમિત્તશાસ્ત્રના સમર્થ વિદ્વાન હતા. તેમના શિષ્ય દુર્ગસ્વામી હતા. દુર્ગસ્વામીનો જન્મ બ્રાહ્મણકુળમાં થયો હતો. સિદ્ધર્ષિએ દુર્ગસ્વામી પછી દીક્ષાગુરુ ગર્ગર્ષિને નમસ્કાર કર્યા છે. આગળનાં પદોમાં દુર્ગસ્વામીની ભાવપૂર્ણ પદોમાં સ્તુતિ કરી છે. પ્રશસ્તિ મુજબ સિદ્ધર્ષિના ગુરુ દુર્ગસ્વામી હતા.

સિદ્ધર્ષિનો જન્મ શ્રીમાલપુર (ભિન્નમાલ)માં થયો હતો. તેમનું ગોત્ર શ્રીમાલ હતું. રાજા ધર્મપાલના મંત્રી સુપ્રભદેવને બે પુત્રો હતા : દત્ત અને શુભંકર. દત્તના પુત્રનું નામ માઘ અને શુભંકરના પુત્રનું નામ સિદ્ધ હતું. 'શિશુપાલવધ' આદિ મહાકાવ્ય દ્વારા માઘની પ્રસિદ્ધિ મહાકવિ તરીકે થઈ. શુભંકરના પુત્ર સિદ્ધ (સિદ્ધર્ષિ)ની માતાનું નામ લક્ષ્મી અને પત્નીનું નામ ધન્યા હતું.

પ્રભાવકચરિત્ર, પુરાતનપ્રબંધસંગ્રહ વગેરે ગ્રંથો પ્રમાણે કવિ માઘ અને સિદ્ધર્ષિ બંને મંત્રી સુપ્રભદેવના પૌત્ર હતા. કવિ માઘ સિદ્ધર્ષિના પિતાના મોટાભાઈના પુત્ર હતા. 'શિશુપાલ-વધ' મહાકાવ્યની પ્રશસ્તિમાં મહાકવિ માઘે પોતાના પરિવારનો પરિચય આપતાં બતાવ્યું છે કે, શ્રી વર્મલ રાજાના સર્વાધિકારી મંત્રી સુપ્રભદેવ હતા. તેમના પુત્રનું નામ દત્તક હતું. દત્તકના પુત્ર માઘે આ ગ્રંથની રચના કરી છે. રાજા વર્મલ, મંત્રી સુપ્રભદેવ, મંત્રીપુત્ર દત્તક તથા દત્તકના પુત્ર કવિ માઘ સંબંધી ઉલ્લેખ પ્રભાવકચરિત્ર, પુરાતનપ્રબંધસંગ્રહ અને 'શિશુપાલવધ' કાવ્યની પ્રશસ્તિમાં એકસરખા છે.

સિદ્ધના જીવનમાં ઉદારતા, આજ્ઞાંકિતતા આદિ અનેક ગુણો વિકાસ પામ્યા હતા, પણ તેને જુગાર રમવાની ખરાબ આદત પડી ગઈ હતી. તે હંમેશાં અડધી રાત પછી ઘેર આવતા. સિદ્ધની પત્ની ધન્યાને તેની પ્રતીક્ષામાં રાત્રિ-જાગરણ કરવું પડતું. પતિની આ ટેવથી પત્ની

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ખિન્ન રહેતી હતી. એક દિવસ સાસુએ વહુને ખિન્નતાનું કારણ પૂછ્યું. લજ્જાશીલ વહુએ પતિના જુગારના વ્યસનની તથા રાત્રિમાં વિલંબથી આવવાની વાત જણાવી. સાસુએ કહ્યું—"વિનયિની ! તેં મને આટલા દિવસ જણાવ્યું કેમ નહિ ? હું મારા પુત્રને કડવાં–મીઠાં વચનોથી સાચા માર્ગ પર લાવવા પ્રયત્ન કરત. પરંતુ હવે રાત્રિએ તું નિશ્ચિંતપણે સૂઈ જજે, હું જાગરણ કરીશ." સાસુના કહેવાથી વહુ સૂઈ ગઈ. લક્ષ્મી પુત્રની રાહ જોતી બેઠી હતી. રાત્રિના પાછલા પહોરે પુત્રે દ્વાર ખખડાવ્યું. માતા લક્ષ્મી ક્રોધ પામી બોલી—"કાલવિકાલે ભટકતા, અનુચિતવિહારી અને મર્યાદા વગરના પુત્રને માટે મારા ઘરમાં કોઈ સ્થાન નથી. તું જા, ઉઘાડાં દ્વાર મળે ત્યાં ચાલ્યો જા." સિદ્ધ આ સાંભળી તત્કાલ ત્યાંથી પાછો ફર્યો. માર્ગમાં એક ઉપાશ્રયનાં દ્વાર ખુલ્લાં હતાં. તે તેમાં ગયો. ત્યાં વિવિધ પ્રકારની મુદ્રામાં સ્વાધ્યાય–ધ્યાનરત મુનિઓને જોયા. તેઓની સૌમ્ય મુદ્રાના દર્શન માત્રથી સિદ્ધનું મન પરિવર્તન પામ્યું. તેણે વિચાર્યું કે, મારા જન્મને ધિક્કાર છે. હું દુર્ગતિદાયક જીવન જીવી રહ્યો છું. આજ સુભાગ્યે પવિત્ર વેળા આવી, જેથી પવિત્ર મુનિઓનું દર્શન પામ્યો. મારી માતા કોપ કરી પરમ ઉપકારિણી બની. તેના લીધે મને આ પરમ લાભ મળ્યો. ઉત્તમ અધ્યવસાયમાં લીન સિદ્ધે ઉચ્ચ સ્વરે મુનિઓને નમસ્કાર કર્યા. ગુરુજનોએ પરિચય પૂછતાં તેણે પોતાના જુગારના વ્યસનથી માંડીને જીવનનો સમગ્ર વૃત્તાંત જણાવ્યો અને કહ્યું કે—"મારા જીવનમાં જે થવાનું હતું તે થઈ ગયું. હવે હું ધર્મનું શરણ ગ્રહણ કરી આપની પાસે રહેવા ઇચ્છું છું."

ગુરુએ સિદ્ધને ધ્યાનપૂર્વક જોયો. જ્ઞાનોપયોગથી જાણ્યું કે, આ જૈનશાસનનો પ્રભાવક શ્રમણ થશે. તેમણે મુનિચર્યાનો બોધ આપતાં કહ્યું કે, "મહાનુભાવ ! સંયમ સ્વીકાર્યા વિના અમારી સાથે રહી શકાય નહીં. તેમાંય તમારા જેવા સ્વેચ્છાચારીઓને માટે આ જીવન કઠિન છે. મુનિજીવન તલવારની ધાર જેવું છે. પાંચ મહાવ્રતોનું પાલન, માધુકરીવૃત્તિથી આહારગ્રહણ અને ત્યાગ–તપ–યુક્ત કઠોર મુનિવ્રતનું પાલન લોઢાના ચણાને મીણના દાંતોથી ચાવવા જેવું દુષ્કર છે."

સિદ્ધે કહ્યું કે, "મારે હવે આ વ્યસનયુક્ત જીવન કરતાં સંયમયુક્ત સાધુજીવન સ્વીકારવું છે. મને એ જ પ્રેયકર અને શ્રેયકર હોઈ કૃપા કરી આપ મને દીક્ષા આપો." સિદ્ધની તીવ્ર દીક્ષાભાવના જાણી ગુરુએ કહ્યું કે, "હે ભવિ ! તું તારાં માતાપિતાની રજા લઈ આવ. પછી તને જરૂર દીક્ષા આપીએ." સંયોગવશાત્ સિદ્ધના પિતા શુભંકર પુત્રને શોધતાં શોધતાં ત્યાં આવ્યા. પુત્રને જોઈ પ્રસન્ન થયા. પુત્રને ઘરે આવવા કહ્યું. સિદ્ધે દીક્ષા લેવાનો વિચાર જણાવ્યો. પિતાના સમજાવવા છતાં સિદ્ધે દીક્ષા લેવાનો પોતાનો વિચાર ન બદલ્યો. પુત્રનો દૃઢ સંકલ્પ જોઈ પિતાએ સમ્મતિ આપી. સિદ્ધે પિતાની અનુજ્ઞા મેળવી, આચાર્ય ગર્ગર્ષિના હસ્તે દીક્ષા ગ્રહણ કરી, અને શ્રી દુર્ગસ્વામીના શિષ્ય બની મુનિજીવનમાં પ્રવેશ કર્યો.

મુનિ સિદ્ધર્ષિએ સંયમની ઉચ્ચ સાધના સાથે જૈન ધર્મગ્રંથોનું ગહન અધ્યયન કર્યું. તેમાં એક દિવસ બૌદ્ધદર્શનનો અભ્યાસ કરવાની ઉત્કટ ઇચ્છા જાગી. ગુરુદેવની ના છતાં તેઓ બૌદ્ધદર્શનનો અભ્યાસ કરવા બૌદ્ધાચાર્ય પાસે મહાબોધનગર ગયા. જતાં પૂર્વે ગુરુદેવે એક

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વચન લીધું કે, "કદાચ બૌદ્ધદર્શનનો અભ્યાસ કરતાં બૌદ્ધધર્મ સ્વીકારવાની ઇચ્છા થાય તો, પહેલાં એક વાર અહીં આવીને મને મળી જવું." મુનિ સિદ્ધર્ષિએ મહાબોધનગર જઈ બૌદ્ધ ગ્રંથોનો અભ્યાસ કર્યો. દુર્ભાગ્યે તેમને બૌદ્ધધર્મ સ્વીકારવાની ઇચ્છા થતાં, ગુરુદેવને આપેલ વચન મુજબ, ગુરુ પાસે જવા નીકળ્યા. આ જાણી બૌદ્ધાચાર્યે પણ એવી જ રીતનું તેમની પાસેથી વચન લીધું. આથી મુનિ સિદ્ધર્ષિને ગુરુદેવ પાસેથી બૌદ્ધાચાર્ય પાસે અને બૌદ્ધાચાર્ય પાસેથી ગુરુદેવ પાસે અનેકવાર–૨૧ વખત–આવાગમન કરવું પડયું. ગુરુદેવે વારંવાર સમજાવતાં અને તેનું કોઈ પરિણામ ન આવતાં પ્રાંતે 'લલિતવિસ્તરા' નામનો ગ્રંથ મુનિ સિદ્ધર્ષિને આપ્યો. આ ગ્રંથ વાંચતાં જ મુનિ સિદ્ધર્ષિની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી અને વિચારવા લાગ્યા કે, "આવા પરમ ઉપકારી જૈનશાસન અને સદ્ગુરુને પામ્યા છતાં મારું આ મન કેવું થયું ?" તેમનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં; મતિભ્રમ દૂર થયો અને પશ્ચાત્તાપના અગ્નિમાં વિશુદ્ધ થઈ જૈનધર્મમાં સ્થિર થયા. ત્યાર બાદ યોગ્ય સમયે ગુરુદેવે તેમને યથાયોગ્ય જાણી આચાર્યપદ પ્રદાન કર્યું; અને પોતે અનશનપૂર્વક, ભિન્નમાલ નગરે, સ્વર્ગે સિધાવ્યા.

આચાર્ય સિદ્ધર્ષિએ 'ઉપમિતિભવપ્રપંચકથા' નામની તેમની કૃતિમાં 'લલિતવિસ્તરા'ના રચયિતા આચાર્ય હરિભદ્રસૂરિ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવતાં લખ્યું છે કે—

**नमोस्तु हरिभद्राय, तस्मै प्रवरसूरये ।**
**मदर्थे निर्माता एव वृत्तिर्ललितविस्तरा ॥** તેમ જ
**महोपकारी स श्रीमान् हरिभद्रप्रभुर्यतः ।**
**मदर्थमेव येनासौ ग्रंथोऽपि निरमाप्यत ॥**

તાત્પર્ય કે, શ્રી સિદ્ધર્ષિસૂરિએ પોતાને સન્માર્ગે વાળનાર મહાન ઉપકારી આચાર્યશ્રી હરિભદ્રસૂરિને નમસ્કાર કર્યા છે અને તેમણે 'લલિતવિસ્તરા' જાણે પોતાના માટે જ રચ્યું હોય એવો અનન્ય ભાવ પ્રગટ કર્યો છે.

ગ્રંથરચના : 'ઉપદેશમાલાવૃત્તિ'ને અંતે પ્રશસ્તિમાં દર્શાવ્યું છે કે, સ્યાદ્વાદ, મીમાંસા, વૈશેષિક, સાંખ્ય અને બૌદ્ધ વગેરે દર્શનોના જાણકાર, સકલ ગ્રંથોના અર્થમાં નિપુણ મહાચાર્ય સિદ્ધર્ષિએ આ વૃત્તિ બનાવી છે. શ્રી રત્નપ્રભસૂરિએ તેમાં આચાર્ય સિદ્ધર્ષિને 'વ્યાખ્યાતૃચૂડામણિ' કહ્યા છે. આમ, આચાર્ય સિદ્ધર્ષિ મહાન વ્યાખ્યાકાર, સમર્થ ગ્રંથકાર, અજોડ દાર્શનિક અને અત્યંત મેધાવી સૂરિવર હતા. તેમણે શ્રી ધર્મદાસગણિની ઉપદેશમાલા પર ટીકા અને શ્રી સિદ્ધસેન દિવાકરના ન્યાયાવતાર પર ટીકા રચી છે. વિ. સં. ૯૭૩ માં ચંદ્રકેવલિચરિત્ર વગેરે ગ્રંથો લખ્યા છે. 'ઉપમિતિભવપ્રપંચકથા' તેમની અદ્વિતીય કૃતિ છે.

ઉપમિતિભવપ્રપંચકહા : આચાર્ય સિદ્ધર્ષિસૂરિએ ૬૦૦૦ શ્લોકપ્રમાણ આ કથાગ્રંથમાં સંસારી જીવ કઈ રીતે સત્યધર્મ પામી ઊંચે ચડે છે એ બતાવવા માટે પોતાને જ આગળ ધરી પ્રસ્તાવનાની પીઠિકા બાંધી છે; અને પછી પોતાનો જાત-અનુભવ જણાવ્યો છે. આ રૂપક ગ્રંથ ભારતીય સાહિત્યમાં જ નહિ, વિશ્વસાહિત્યમાં પણ પહેલવહેલો રૂપક ગ્રંથ છે. તેમાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ભાષાનું લાલિત્ય, શૈલીની સુંદરતા મુક્ત ઝરણાની જેમ ભાવોનો અસ્ખલિત પ્રવાહ વહાવે છે. આ ગ્રંથ મુખ્યત્વે ધર્મકથાનુયોગ છે. તેમાંનાં વર્ણન જોતાં ચારે અનુયોગો ઘટી શકે છે. આ કથામાં ન્યાય, દર્શન, આયુર્વેદ, જ્યોતિષશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્ર, ધાતુવિદ્યા, વ્યાપાર, યુદ્ધનીતિ આદિ વિવિધ વિષયોનું વર્ણન છે. આ કથાના આઠ પ્રસ્તાવ છે. પ્રથમ પ્રસ્તાવ વિષયની ભૂમિકા રૂપે છે. બીજા પ્રસ્તાવમાં કર્મ, જીવ અને સંસારની અવસ્થાઓનું રૂપક રૂપે વર્ણન છે. ત્રીજા પ્રસ્તાવમાં ક્રોધ, વિષયાસક્તિની પરિણતિ કથાના માધ્યમથી સમજાવી છે. ચોથા પ્રસ્તાવમાં પોતાના પ્રતિપાદ્ય વિષયનું વિસ્તારથી વર્ણન અને અનેક અવાન્તર કથાઓ છે. આઠમાંથી ચાર પ્રસ્તાવ મહત્ત્વના છે. તેમાંય ચોથો પ્રસ્તાવ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. 'ઉપમિતિભવપ્રપંચ કથા' ગ્રંથ પૂર્ણ થયા પછી એનું વાચન ભિન્નમાલ નગરમાં કર્યું હતું. આ ગ્રંથની પ્રતિલિપિ 'ગણા' નામનાં સાધ્વીએ તૈયાર કરી હતી. તેઓ દુર્ગસ્વામીના આજ્ઞાવર્તિની હતાં. આ ગ્રંથ વિ. સં. ૯૬૨ માં જેઠ સુદ પાંચમને ગુરુવારે પૂર્ણ થયો હતો. ઉપશમભાવથી પરિપૂર્ણ આ કથાવાચન સાંભળી લોક પ્રસન્ન થયો અને જૈનસંઘે આચાર્ય સિદ્ધર્ષિસૂરિને 'સિદ્ધવ્યાખ્યાતા'ની પદવી અર્પી હતી. આ કથા વિ. સં. ૯૬૨માં રચાયેલી હોવાથી આચાર્ય સિદ્ધર્ષિનો સમય વિક્રમની દસમી સદી સિદ્ધ થાય છે.

## ન્યાયશૈલીની ટીકા રચનારાઓમાં અગ્રેસર, સમર્થ આગમ ટીકાકાર

# આચાર્યશ્રી શીલાંકસૂરિજી મહારાજ

ટીકાકાર આચાર્યોમાં શ્રી શીલાંકસૂરિનું નામ પ્રસિદ્ધ છે. તેમનાં બીજાં નામો શીલાંકાચાર્ય, શીલાચાર્ય, વિમલમતિ, તત્ત્વાદિત્ય વગેરે છે. સંસ્કૃત અને પ્રાકૃત બંને ભાષાઓ પર તેમનું પ્રભુત્વ હતું. ન્યાયશૈલીની ટીકા રચનારાઓમાં તેઓ સૌથી પહેલા છે. આજે પ્રાપ્ત થતી આચારાંગસૂત્ર અને સૂત્રકૃતાંગસૂત્રની વિશાળ ટીકાઓ તેમની વિદ્વત્તાની પરિચાયક છે. આચાર્ય શીલાંકસૂરિની ગુરુપરંપરાનો સંબંધ નિવૃત્તિકુલ સાથે છે; નિવૃત્તિકુલ (ગચ્છ)ના આચાર્ય માનદેવસૂરિ તેમના ગુરુ છે. આચારાંગસૂત્રની ટીકામાં પોતાને 'નિવૃત્તિકુલીન' અને 'ચઉપન્નમહાપુરિસચરિયં'માં પોતાને માનદેવસૂરિના શિષ્ય બતાવ્યા છે. આ સિવાય તેમના ગૃહસ્થજીવનની વિગતો કે સાધુજીવનની વિગતો મળતી નથી.

શ્રી શીલાંકાચાર્યે આગમો પર ટીકાઓ રચવાનું યશસ્વી કાર્ય કર્યું છે. તેમણે 'ચઉવન્નમહાપુરિસચરિયં', આચારાંગ ટીકા, સૂત્રકૃતાંગ ટીકા, ભગવતીસૂત્રની ટીકા, જીવસમાસની વૃત્તિ વગેરે ગ્રંથોની રચના કરી છે. આ સર્વ ગ્રંથો ગાંભુ ગામે રચ્યા છે. પ્રભાવકચરિત્ર પ્રમાણે શ્રી શીલાંકાચાર્યે અગિયાર અંગશાસ્ત્રો—આગમો પર ટીકાઓ રચી હતી. પણ વર્તમાનમાં માત્ર આચારાંગસૂત્ર અને સૂત્રકૃતાંગસૂત્ર પરની ટીકાઓ જ મળે છે, જેનો પરિચય આ પ્રમાણે છે :

આચારાંગ ટીકા : બંને શ્રુતસ્કંધો પર રચેલી આ ટીકાનું ગ્રંથ પ્રમાણ ૧૨૩૦૦ શ્લોક છે. મૂળ અને નિર્યુક્તિના આધારે આગમના પ્રથમ શ્રુતસ્કંધનું મહાપરિજ્ઞા નામનું સાતમું અધ્યયન

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org